# "ગુજરાતમાં સાહિત્ય અને જૈનધર્મના ક્ષેત્રે હેમચંદ્રાચાર્યનું પ્રદાન"

ડૉ. કમલેશ પટેલ

એમ. એન. કોલેજ, વિસનગર

**પ્રસ્તાવના:-**

વિશ્વના ઇતિહાસમાં સામ્રાજ્યો અને રાજ્યો ઘણાં સ્થપાયાં અને કાળનાપ્રવાહમાં વિલીન થઇ ગયાં પરંતુ અમર રહે છે માત્ર ઇતિહાસનો સાંસ્કૃતિક વારસો. સોલંકીયુગ પણ ઇતિહાસની બીના બની ગઇ. પરંતુ તે આજે અમર છે તેનુ કારણ છે તે સમયનું સાહિત્ય અને  સાહિત્યક્ષેત્રે મધ્યકાલીન ગુજરાતમાં જો કોઇ પણ વ્યક્તિનુ નામ અને કાર્ય સૌથી વધુ મહત્વનુ હોય તો તે હેમચંદ્રાચાર્યનુ છે. હેમચંદ્રાચાર્ય અને તેમનુ શિષ્યમંડળ રુપી આકાશ ગૃહમંડળની સાથેના સૂર્યની જેમ પ્રકાશે છે. રત્નમણીરાવ જોટે લખે છે કે " હેમચંદ્રાચાર્યની કલમે સાહિત્યની દરેક શાખામા વિહાર કર્યો છે અને સંસ્કૃત સાહિત્યની વૃધ્ધિમાં ગુજરાત પછાત નથી " આજે ગુજરાતમા અહિંસાના જે ગુણો વિકસેલા છે તે હેમચંદ્રાચાર્યને આભારી છે.

તેમનો જન્મ ઇ.સ. 1089માં ધંધુકા મુકામે થયો હતો. તેમનું બાળપણનું નામ ચંગ હતું. તેમના પિતાનું નામ ચાચિગ અને માતાનુ નામ ચાહિણીદેવી હતું. તેમણે તમામ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. તત્વજ્ઞાન, ધર્મ વગેરેમા ઉંડો રસ લીધા બાદ દેવચંદ્રસૂરી દ્વારા ઇ.સ. 1110માં પોતાના પછી આચાર્યપદે સ્થાપ્યા હતા.

**હેમચંદ્રાચાર્યનો સાંસ્કૃતિક ફાળો :-**

મધ્યાકાલીન ગુજરાતના સર્વ સાહિત્યકારોમા તેઓ તેજસ્વી ભાસ્કરની જેમ પ્રકાશે છે. તેમણે ગુજરાતના સાંસ્કૃતિક જીવનને પ્રકાશીત કર્યુ અને સમગ્ર ભારતમા પાટણની કીર્તિ એક વિદ્યાધામ તરીકે પ્રસરાવી. તેઓ માત્ર ગુજરતીઓમાં જ નહીં પરંતુ સમગ્ર હિંદમાં એક વિદ્વાન તરીકે ખ્યાતનામ બનેલા છે.

તેઓએ સિદ્ધરાજ તેમજ કુમારપાળના દરબારની શોભા વધારી હતી. સિદ્ધરાજે મહાવ્યાકરણ ગ્રંથ રચવાની પ્રેરણા આપી. ત્યારબાદ સિદ્ધરાજે તેમને જોઇતા પુસ્તકો કાશ્મીર તેમજ હિંદના તમામ છેડેથી મંગાવ્યા અને જોઇતી સામગ્રી આપી. હેમચંદ્રાચાર્યે વ્યાકરણ માટે અજોડ એવો " સિદ્ધહેમશબ્દાનુશાસન " નામનો વ્યાકરણ ગ્રંથ તૈયાર કર્યો. આ વ્યાકરણ ગ્રંથ સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ બન્યું. તે ગ્રંથમાં કુલ આઠ અધ્યાય છે અને દરેકને કુલ ચાર પદ છે. આ ગ્રંથ ભાષા તેમજ નિરુપણની દ્રષ્ટિએતો જોઇએતો એક અદ્વિતિય ગ્રંથ મનાય છે. આ વ્યાકરણ

ગ્રંથ બાદ તેને ભાષામાં કેવી રીતે પ્રયોગ થાય તે બતાવવા હેમચંદ્રાચાર્યે " દ્વયાશ્રય " નામનું મહાકાવ્ય રચ્યું અને રઘુવંશની માફક જ સમગ્ર ચૌલુક્ય વંશના રાજાઓનું જીવન ચરિત્રનું આલેખન કરવામાં આવ્યું છે. આ બાદ તેમણે " અભિજ્ઞાન ચિંતામણી " , " અનેકાર્થ સંગ્રહ " અને " દેશીનામ માલા " નામના ગ્રંથોની રચના કરી. વ્યાકરણની તેમજ સાહિત્યની મોટી સેવા કરી છે. પાછળથી તેમણે " કાવ્યાનુશાસન " અને "છંદાનુશાસન" રચ્યા પછી " પ્રમાણમીમાંસા" લખાઇ અને કુમારપાળની વિનંતીથી " યોગશાસ્ત્ર " અને " ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત " અને "વીતરાગસ્ત્રોત'' ની પણ રચના કરી.

આમ, હેમચંદ્રાચાર્યે સાહિત્યની બાબતમાં અપૂર્વ ફાળો આપ્યો છે અને તેથી જ તે એક માત્ર ગુજરાતમાં જ નહી પરંતુ હિંદભરમાં પ્રસિદ્ધ બન્યા. વળી તેઓ સર્વે વિષયોમાં નિપૂર્ણ હોવાથી " કલિકાસર્વજ્ઞ " તરીકે પણ પ્રસિદ્ધ બન્યા .

હેમચંદ્રાચાર્ય પહેલા એવા ગુજરાતી છે કે , જેમણે પોતાની કૃતિઓ દ્વારા ગુજરાતની અસ્મિતાને રાષ્ટ્રીયપટ ઉપર રજૂ કરી. દ્વયાશ્રયમાં સ્થળે સ્થળે ગુજરાતના નામનો ઉલ્લેખ અને ગુર્જરલક્ષ્મીની ભવ્યતાથી તેમનું હ્રદય થનગનતું હતું. હેમચંદ્ર જેવા નિર્લેપ, આદર્શજીવી, વિદ્વાન, સાહિત્ય સર્જક, રાજનીતિ નિપુર્ણ, વ્યવહાર વર્ચસ્વી અને પ્રતિભાશાળી પુરુષની જોડ જડવી અતિ મુશ્કેલ છે. તેથી હેમચંદ્રાચાર્યને અપાયેલ ' કલિકાલ સર્વજ્ઞ' નું બિરુદ યોગ્ય છે.

એક ગુજરાતી તરીકે ગુજરતના સુવર્ણયુગ વિધાયક પુરુષ તરીકે અને નજરો નજર જોનાર તથા અનુભવનાર તરીકે હેમચંદ્રાચાર્યે ઉપરોકત કૃતિઓની રચના કરી છે. ગુજરાતના રાજવંશોની કડી એકત્રિત કરેલી છે. તેની ગૌરવગાથાઓ તેના પ્રતિભાવંતો સુપુત્રોએ કર્ણપ્રિય કાવ્યો ગાયા છે. તે યુગના કીર્તિ પ્રબંધો એને તે સમયના રીતરિવાજો હજુ પણ જીવંત રહ્યા છે. ગુજરાતનો નિરામિષ આહારનો પ્રચાર તથા દારૂ વિનાશક ટેવોને દુર કરનાર કુમારપાળ આજે પણ જાગૃત છે. તેથી દ્રયાશ્રય ગુજરાતનુ કિમતી રત્ન છે. હેમચંદ્રાચાર્યની કૃતિઓમા ફક્ત સોલંકીયુગની કીર્તિ ગાથાઓ નથી. પરંતુ તેટલા જ ગુજરાતના ભુતકાળની કીર્તિગાથા છે.તેથી હેમચંદ્રાચાર્યને એક જૈન આચાર્ય તરીકે નહી પરંતુ એક મહાન ગુજરાતી તરીકે જોઇએ છીએ.

વિદ્યા સાહિત્યના ક્ષેત્રે જોઇએ તો હેમચંદ્રાચાર્ય ગુજરાતના જ નહી પરંતુ સમગ્ર ભારતના સાહિત્યાચાર્ય સ્વરુપે અદ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલુ છે. આથી પિટરસન જેવા વિદ્વાન તેમની સાહિત્યની રચનાથી મંત્રમુગ્ધ બની આચાર્ય હેમચંદ્રાની ' જ્ઞાનમહોદધિ' ના બિરુદથી નવાજ્યા છે.

**હેમચંદ્રાચાર્યનું શિષ્યમંડળ :-**

કોઇ પણ મહાન વિદ્વાનની આસપાસ જ્ઞાનપિપાસુ શિષ્યો ગમે તે તદન સ્વાભાવિક જ છે. હેમચંદ્રાચાર્યની બાબતમાં પણ આમ જ બનેલુ તેમના શિષ્યોની સંખ્યા દિનપ્રતિદિન વધતી જ ગઇ હતી. તે સર્વ શિષ્યોએ પોતાના ગુરુનું નામ પણ ઉજાળ્યું છે.

તેમના શિષ્યોમાં રામચંદ્રસૂરીએ હેમચંદ્રાચાર્યના પટ્ટશિષ્ય હતા. જેમણે અત્રિપાર નાટક રચ્યાં હતા. તેમાંનું “નવવિલસ'' “સત્યહરિચંદ્ર'' “નિર્ભયભીમ વ્યાયોગ” અને “કૌમુદિમિત્રાનંદ” પણ પ્રસિધ્ધ છે. તેમની કૃતિઓમાં તેમનું ગૌરવ અને સ્વાતંત્ર્ય તરી આવે છે. વળી, તેમના શિષ્ય દીપચંદ્રસૂરીએ “ચંદ્રલેખા વિજયપ્રકરણ” નામે નાટક રચ્યું અને યશપાલે “મોહરાજ પરાજય” જેવા નાટકોની રચના કરી હતી.

આમ, હેમચંદ્રાચાર્યના સમયમાં ગુજરાતના સાહિત્યના ક્ષેત્રે સારી એવી પ્રગતી થઇ. હેમચંદ્રાચાર્ય જેવા વિદ્વાન ગુરુના હાથ નીચે અનેક શિષ્યોએ પણ સારી એવી પ્રગતી સાધી હતી. વળી, હેમચંદ્રના ધાર્મિક જ્ઞાનથી પ્રભાવિત થઇ કુમારપાળે જૈનધર્મમનો સ્વીકાર કર્યો અને તેથી હેમચંદ્રનું રાજકીય પ્રભુત્વ પણ સારું એવું હતુ.

**સમાપન :-**

આમ, ગુજરાતના ઇતિહાસમાં હેમચંદ્રાચાર્ય અગ્રસ્થાન ધરાવે છે. તેઓ ''કલિકાલ સર્વજ્ઞ'' કહેવાતા. તેમણે રચેલા વ્યાકરણ ગ્રંથો તેમજ અન્ય મહત્વના ગ્રંથો અને ''દ્વયાશ્રય'' જેવા કવ્યોએ સોલંકીયુગને સાહિત્યક્ષેત્રે સુવર્ણયુગથી વિભુષિત કર્યો હતો. તેમણે તથા તમના શિષ્યોએ સાહિત્યમા નવસર્જન કરી ગુજરાતના સાહિત્યને સમૃદ્ધ બનાવ્યુ હતુ. આમ, હેમચંદ્રાચાર્ય માત્ર સોલંકીયુગના જ સર્વોચ્ચ શિરોમણી સાહિત્યકાર ન હતા પરંતુ સમગ્ર હિંદના કેટલાક સર્વોચ્ચ સાહિત્યકારોમાંના એક હતા. જો તે ન હોત તો ગુજરાતનો સોલંકીયુગ સૂર્ય વિના પ્રભાત જેવો લાગત.

**સંદર્ભ ગ્રંથો :-**

1. ધુમકેતુ, 'શ્રી હેમચંદ્રાચાર્ય' , ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, 1976
2. ઓજા ઇશ્વરલાલ ગિ., ''પ્રાચીન અને મધ્યકલિન ગુજરાતના ઇતિહાસની લેખન પ્રવૃતિ'' , વિસનગર, 2002
3. પટેલ મણિભાઇ (સંપાદક), '' શ્રી હેમસારસ્વત સત્ર'' ગુજરાત સાહિત્ય પરિસંવાદનુ ખાસ સંમેલન, પાટણ , ગુ.સા.પરિષદ , મુંબઇ, 1941
4. પરીખ રસીકલાલ (સંપાદક) , ''ગુજરાતનો રજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ'', સોલંકીકાલ, ગ્રંથ- 4, ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ, 1976
5. શાસ્ત્રી હરિપ્રસાદ ગં., '' પ્રાચીન ભારત'' , ભાગ-2 , ગુજરાત યુની. , 1970